કમાંક/FRC/૨૦૨૧/૩૭૫૩-૫૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
જિલ્લા શિક્ષણાધિકારીની સામે,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ, વડોદરા.
તા. ૨૩/૯/૨૦૨૧



# ફી નિયમન સમિતિ,વડોદરા વિભાગ,વડોદરા

## જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે,કારેલીબાગ,વડોદરા

**Ph:-0265-2488487** **Email Id:- frcvadodara@gmail.com**

---

યુ-ડાયસ નં:- 24170303529 પંચમહાલ એફીડેવિટ FRC નં:-૧૫૯/૨૦૨૦

ઇમેઇલ:- veer.newlook@gmail.com તા:-૯/૯/૨૦૨૧

શાળાનું નામ:- વીર ન્યુ લુક સેન્ટ્રલ સ્કુલ , એચ.ડી.એફ.સી. બેન્સ પાસે , ગોધરા રોડ , હાલોલ ,પંચમહાલ (GSEB) નાએ રજૂ કરેલ સોગંદનામાં ઉપર હુકમ.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી જી.એન.રણા, નિવૃત્ત જજ | અધ્યક્ષ |
| (૨) | ડૉ.આરતીબેન ભાટી, શિક્ષણશાસ્ત્રી | સભ્ય |
| (૩) | શ્રી ઉમેશકુમાર અંટોલભાઈ પટેલ, શાળા સંચાલક મંડળના પ્રતિનિધિ | સભ્ય |
| (૪) | શ્રી સત્યકાન્ત હરિપ્રસાદ શાસ્ત્રી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ | સભ્ય |
| (૫) | શ્રી ધવલ છગનલાલ પુરોહિત, સિવિલ એન્જીનીયર | સભ્ય |

## હુકમ

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ તથા ગુજરાત સ્વનિર્ભરશાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ અન્વયે તા:-૨૫/૦૪/૨૦૧૭ના રોજ અમલી બનેલ છે.જે અન્વયે વડોદરા વિભાગ માટેની સરકારશ્રી દ્વારા ફી નિયમન સમિતિની રચના કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના જાહેરનામાં ક્રમાંક: જીએચ/એસએચ/૨૦/બીએમએસ/૧૧૧૭/૮૩/છ અને જીએચ/એસએચ/૦૬/બીએમએસ/૧૧૧૮/૮૩/છ અન્વયે નીચે મુજબની ફી નિર્ધારીત કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓ | રૂા.૧૫,૦૦૦/- |
| (૨) | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ) | રૂા.૨૫,૦૦૦/- |
| (૩) | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ) | રૂા.૩૦,૦૦૦/- |

ફી ઠરાવેલ છે અને તે મુજબ જે શાળા જાહેરનામામાં ઠરાવેલી ફી કરતા ઓછી ફી વસુલ કરતી હોય તેવી સ્વનિર્ભર શાળાઓને ફી-નિર્ધારણમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

(૩) અરજદાર શાળા દ્વારા સને ૨૦૧૭-૧૮ના વર્ષની ફી માટે સોગંદનામાં નં:-૧૫૯/૨૦૧૭ રજૂ કરવામાં આવેલ હતી. જેમાં અરજદાર શાળાની માંગણી અન્વયે ફી મંજૂર કરવામાં આવેલ હતી. સને ૨૦૧૮-૧૯ તથા ૨૦૧૯-૨૦ના વર્ષ માટે અરજદાર શાળાની માંગણી અન્વયે સમિતિ દ્વારા વ્યાજબી હોવાનું જણાતા નીચે મુજબની ફી મંજૂર કરવામાં આવે છે.

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા

.....(પાન નં:-૨ ઉપર)

| અ. નં | ધોરણ | માધ્યમ | | ફી નિયમન સમિતિ દ્વારા ૨૦૧૭-૧૮ના વર્ષ માટે મંજૂર કરેલી ફી | સને ૨૦૧૮-૧૯ માં શાળા દ્વારા માંગવામાં આવેલી ફી | ફી નિયમન સમિતિ દ્વારા ૨૦૧૮-૧૯ના વર્ષ માટે મંજૂર કરેલી ફી | સને ૨૦૧૯-૨૦ માં શાળા દ્વારા માંગવામાં આવેલી ફી | ફી નિયમન સમિતિ દ્વારા સને ૨૦૧૯-૨૦ માં મંજૂર કરેલી ફી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | અંગ્રેજી | | | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) |
| ૧. | ૧૧ થી ૧૨ જનરલ | - | અંગ્રેજી | રૂા.૧૩૮૦૦/- | રૂા.૧૫૪૦૦/- + રૂા.૫૯૪૦/- | રૂા.૧૫૪૦૦/- + રૂા.૫૯૪૦/- | રૂા.૧૬૪૦૦/- + રૂા.૫૦૦૦/- | રૂા.૧૬૪૦૦/- + રૂા.૫૦૦૦/- |

(૪) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી.સેલ તા:-૦૭/૧૦/૨૦૨૦ અન્વયે કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં સ્વ-નિર્ભર શાળાઓ દ્વારા વસૂલવાની થતી ફી બાબત ઠરાવવામાં આવેલ છે.

(અ) જેમાં અરજદાર શાળા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ની અધિનિયમની કલમ-૨(જી) મુજબ નક્કી કરેલ ફીના ૭૫% રકમ જ વસૂલ કરી શકશે.

(બ) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે સ્વ-નિર્ભર શાળાએ અધિનિયમની કલમ-૨(જી)સિવાયની કોઈ પણ ફી લઈ શકશે નહી.

(૫) અત્રેની ફી નિયમન સમિતિ સમક્ષ વીર ન્યુ લુક સેન્ટ્રલ સ્કુલ , એચ.ડી.એફ.સી. બેન્સ પાસે , ગોધરા રોડ , હાલોલ ,પંચમહાલ (GSEB) નાએ તેઓના અધિકૃત પ્રતિનિધિનું તા:-૨૩/૧૨/૨૦૧૯ ના રોજ નમૂના નં:-૪માં સોગંદનામું સને ૨૦૨૦-૨૧ના વર્ષની ફી માટે રજૂ કરેલ છે. જેમાં સદરહુ શાળા દ્વારા નીચે મુજબની વિગતો દર્શાવેલ છે.

| અ.નં | ધોરણ | માધ્યમ | | સને ૨૦૨૦-૨૧માં શાળા દ્વારા માંગવામાં આવેલ ફી | ફી નિયમન સમિતિ દ્વારા સને ૨૦૧૯-૨૦ માં મંજૂર કરેલી ફી | ફી નિયમન સમિતિ દ્વારા સને ૨૦૨૦-૨૧ માં મંજૂર કરેલી ફી જે વર્ષ ૨૦૧૯-૨૦ ના ૭૫% |
|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | અંગ્રેજી | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧. | ૧૧ થી ૧૨ જનરલ | - | અંગ્રેજી | રૂા.૧૮૦૦૦/- + રૂા.૫૦૦૦/- | રૂા.૧૬૪૦૦/- + રૂા.૫૦૦૦/- | રૂા.૧૨૩૦૦/- + રૂા.૩૭૫૦/- |

(૬) ફી નિયમન સમિતિને ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ તથા તે અન્વયે રચાયેલ નિયમો સને ૨૦૧૭ નાં નિયમ ૧૧(૧) થી મળેલ સત્તાની રૂએ વીર ન્યુ લુક સેન્ટ્રલ સ્કુલ , એચ.ડી.એફ.સી. બેન્સ પાસે , ગોધરા રોડ , હાલોલ ,પંચમહાલ (GSEB) દ્વારા રજૂ કરવામાં આવેલ ઉપરોક્ત સોગંદનામા ની ચકાસણી સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલ. ચકાસણીના અંતે સર્વાનુમતે એવું જણાયેલ છે કે, શાળાએ સને ૨૦૨૦-૨૧ના વર્ષ માટે ઉપર મુજબ ફી સરકારશ્રીના જાહેરનામાં કરતા ઓછી વસુલ કરવા સોગંદનામું રજૂ કરેલ છે જે વ્યાજબી હોઈ, શાળાને ફી નિર્ધારણમાંથી મુક્તિ આપવામાં આવે છે. અરજદાર શાળાએ ઉપરોક્ત પેરા-૫માં આવેલ પત્રકના કોલમ નં:-૭ માં દર્શાવ્યા મુજબની ફી પેરા-

ફી નિયમન સમિતિ સત્યમેવ જયતે ઝોન, વડોદરા

૪ની સૂચનાને આધિન સને ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક વર્ષની ફી વિદ્યાર્થી /વાલી પાસેથી વસુલ લેવા નીચેની શરતોએ મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

૧) અરજદાર શાળાએ સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં વૈકલ્પિક પ્રવૃત્તિઓ/સુવિધાઓની કોઇ જ ફી લેવાની નથી. જો કોઇ ફી લીધી હોઇ અને વાલીએ ભરી હોઇ તો તે વધારાની ફી શાળાએ આગામી સમયમાં લેવાની ફી સામે સરભર કરવાની રહેશે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૦-૨૧ની શૈક્ષણિક ફી માસિક ધોરણે કે એકી સાથે વાલી ભરી શકશે પરંતુ ફી ભરવામાં થયેલ વિલંબ અંગે શાળા વાલી પાસેથી કોઇ પણ દંડ વસુલ કરી શકશે નહીં.

૩) કોઇ પણ વાલીએ સને ૨૦૨૦-૨૧ના ૧૦૦ ટકા ટ્યુશન ફી એડવાન્સ ભરી દીધી હોય તો વાલીને આગામી સમયમાં લેવાની થતી ફી સામે આવી વધારાની રકમ સરભર કરી આપવાની રહેશે.

૪) અરજદાર શાળાએ ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી.સેલ,તા:-૭/૧૦/૨૦૨૦ના પરિપત્રનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ થી ત્રણ વર્ષ માટેની નવી દરખાસ્ત ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ તેમજ નિયમોની જોગવાઇઓ મુજબ સમયમર્યાદામાં નવી દરખાસ્ત કરવાની રહેશે.

૬) અરજદાર શાળાએ નવી એફીડેવિટ/દરખાસ્તના કામે પાછલા વર્ષના કરેલા આખરી હુકમની નકલ રજૂ કરવાની રહેશે.

૭) અરજદાર શાળાએ સને ૨૦૨૦-૨૧ની ફી નિયમન સમિતિ, વડોદરા દ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

૮) શાળા એક મહિનાની ટ્યુશન ફી ની રકમ કરતાં વધારે રકમ એડમિશન ફી/સત્ર ફી તરીકેની રકમ લઇ શકશે નહીં.

આ હુકમની જાણ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ ફી નિયમન સમિતિના કો-ઓર્ડીનેટર(સંયોજક)શ્રીને કરવાની રહેશે અને તેઓએ જે તે શાખાને તાત્કાલિક જાણ કરવી.

આજ તા:- ૦૯ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૧

સ્થળ:-વડોદરા

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા:-૦૯/૦૯/૨૦૨૧ ના આદેશાનુંસાર

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા

(મુખ્ય સંયોજક)

ફી નિયમન સમિતિ

વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ,આચાર્ય/સંચાલકશ્રી, વીર ન્યુ લુક સેન્ટ્રલ સ્કુલ , એચ.ડી.એફ.સી. બેન્સ પાસે , ગોધરા રોડ , હાલોલ ,પંચમહાલ (GSEB)

નકલ રવાના:- મુખ્ય સંયોજકશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.